# સુથારના સપાટાથી ભારતે શ્રીલંકાને 165 રને હરાવ્યું

**માનવ** સુથારે ટેસ્ટમાં 10 વિકેટ ઝડપીને ઉમદા સ્પિન બોલિંગનું પ્રદર્શન કર્યું

**ભારતે** મૂકેલા 372 રનના લક્ષ્યાંક સામે શ્રીલંકા 206 રને ઓલઆઉટ થયું

**ભારતે** પોતાની 600મી ઐતિહાસિક ટેસ્ટમાં જીત મેળવી WTCમાં પોતાની આશા જાળવી રાખી



ગોલ, તા. 19 : પ્રતિભાશાળી યુવા સ્પિનર માનવ સુથારના 10 વિકેટના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનની મદદથી ભારતે બુધવારે અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચના પાંચમા અને અંતિમ દિવસે શ્રીલંકાને 165 રનથી હરાવીને પોતાના રેડ-બોલ ક્રિકેટના ખરાબ તબક્કામાંથી રાહત મેળવી હતી. આ સાથે જ ભારતે બે મેચોની ટેસ્ટ સીરિઝમાં 1-0થી સરસાઈ મેળવી લીધી છે. ભારત માટે આ જીત એટલા માટે પણ ખાસ બની રહી કારણ કે આ તેમની 600મી ઐતિહાસિક ટેસ્ટ મેચ હતી.

સુથારે મેચમાં તેની 10મી વિકેટ ઝડપી કે તુરંત જ કેપ્ટન શુભમન ગિલે રાહતનો શ્વાસ લીધો હતો, કારણ કે મેચ પૂરી થયાના માત્ર પાંચ જ મિનિટમાં ત્યાં ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. ગોલ જેવા પરંપરાગત રીતે સ્પિનરોને મદદરૂપ ગ્રાઉન્ડ પર મળેલી આ જીતથી ભારતીય ટીમને ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામે હોમ ગ્રાઉન્ડ પર મળેલી હાર બાદ કમબેક કરવાનો મોટો આત્મવિશ્વાસ મળશે.

અંતિમ દિવસે શ્રીલંકાને જીતવા માટે 288 રનની જરૂર હતી અને તેની પાસે છ વિકેટ બાકી હતી. શ્રીલંકન બેટરોએ પ્રથમ સેશનમાં થોડો સમય પ્રતિકાર કર્યો હતો, પરંતુ આખરે યુવાન ડાબોડી સ્પિનર સુથારની સ્પિન જાળમાં ફસાઈને આખી ટીમ 206 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. 55 રનમાં છ વિકેટના પોતાના વિનાશક સ્પેલથી સુથારે શ્રીલંકાના નીચલા ક્રમના બેટરોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. તાજેતરમાં અફઘાનિસ્તાન સામેની પદાર્પણ ટેસ્ટ બાદ આ તેની સતત બીજી પાંચ કે તેથી વધુ વિકેટ હતી. આ પહેલા તેણે પ્રથમ ઈનિંગ્સમાં પણ 4 વિકેટ ઝડપી હતી.

લંચ બાદ શ્રીલંકાએ 175 રને છ વિકેટથી આગળ રમવાનું શરૂ કર્યું અને સ્કોર 199 સુધી પહોંચાડ્યો હતો. પરંતુ સુથારની વાપસીથી મેચનું પાસું પલટાઈ ગયું હતું. તેણે 76મી ઓવરમાં માત્ર છ બોલના ગાળામાં સોનલ દિનુશા (૮૪), પ્રભાત જયસૂર્યા અને લાહિરુ કુમારાને આઉટ કરીને શ્રીલંકાનો સ્કોર નવ વિકેટે 199 રન કરી દીધો હતો. સુથારે પીચ પરથી મળતા ટર્ન અને બાઉન્સનો પૂરો ફાયદો ઉઠાવતા કેશારા નુવાંથાને ક્લીન બોલ્ડ કરીને ભારતને જીત અપાવી હતી.

| | | | | |
|---|---|---|---|---|
| **ભારત પ્રથમ દાવ** | 462 | | | |
| **શ્રીલંકા પ્રથમ દાવ** | 284 | | | |
| **ભારત બીજો દાવ** | 193 | | | |
| **શ્રીલંકા બીજો દાવ** | રન | બોલ | 4 | 6 |
| મદુશ્કા કો.પ્રસિદ્ધ બો.સિરાજ | 6 | 27 | 0 | 0 |
| ઉડાના કો.જુરેલ બો.સુથાર | 16 | 58 | 1 | 0 |
| પસિંદુ LB બો.સુથાર | 0 | 1 | 0 | 0 |
| કામિન્દુ કો.રાહુલ બો.પ્રસિદ્ધ | 2 | 12 | 0 | 0 |
| ધનંજય કો.સુથાર બો.જાડેજા | 59 | 151 | 7 | 0 |
| દીનુષા કો.જુરેલ બો.સુથાર | 84 | 128 | 8 | 1 |
| ડિકવેલા કો.પંત બો.પ્રસિદ્ધ | 10 | 17 | 1 | 0 |
| નુવંથા બો.સુથાર | 20 | 69 | 3 | 0 |
| જયસૂર્યા બો.સુથાર | 0 | 1 | 0 | 0 |
| કુમારા કો.પંત બો.સુથાર | 0 | 4 | 0 | 0 |
| ફર્નાન્ડો નોટઆઉટ | 0 | 1 | 0 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (77.4 ઓવરમાં ઓલઆઉટ) | 206 | | | |

**વિકેટપતન** : 1/13, 2/14, 3/21, 4/47, 5/142, 6/156, 7/199, 8/199, 9/199, 10/206

| **બોલિંગ** | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 9 | 2 | 15 | 1 |
| માનવ સુથાર | 23.4 | 2 | 55 | 6 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 10 | 3 | 16 | 2 |
| રવિન્દ્ર જાડેજા | 23 | 3 | 71 | 1 |
| કુલદીપ યાદવ | 11 | 0 | 38 | 0 |
| દેવદત્ત પડીકલ | 1 | 0 | 5 | 0 |

# માનવ સુથાર વિદેશમાં ટેસ્ટમાં ૧૦ વિકેટ લેનાર સૌથી યુવા ભારતીય સ્પિનર બન્યો

**માનવ** સુથાર હોમ અને અવે ડેબ્યુમાં પાંચ વિકેટ લેનાર મહંમદ નિસાર પછી બીજો ખેલાડી બન્યો

**પોતાની** કેરિયરની બીજી જ ટેસ્ટમાં 10 વિકેટ લઇ સુથારે અક્ષર, શિવરામ કૃષ્ણનની બરાબરી કરી



ગોલ, તા. 19 : અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતીય ટીમે શ્રીલંકાને 165 રને હરાવ્યું તેમાં માનવ સુથારની સ્પિનિ બોલિંગે મહત્વની ભૂમિકા ભજવી હતી, તેણે મેચમાં કુલ 10 વિકેટ લીધી અને તેની સાથે જ તે વિદેશી ધરતી પર એક મેચમાં 10 વિકેટ લેનારો સૌથી યુવા ભારતીય સ્પિનર બન્યો હતો. તેણે આ મામલે હરભજન સિંહનો રેકોર્ડ તોડ્યો હતો. સુથારે 24 વર્ષ અને 16 દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી જ્યારે હરભજને ગોલમાં જ શ્રીલંકા સામે 2008માં 28 વર્ષ, 28 દિવસની વયે આ સિદ્ધિ અંકે કરી હતી.

આ ઉપરાંત સુથાર પોતાની બીજી જ ટેસ્ટમાં 10 વિકેટ લેનારો સંયુક્ત બીજો ભારતીય બોલર બન્યો હતો. આ મામલે તેણે અક્ષર પટેલ અને લક્ષ્મણ શિવરામ કૃષ્ણનની બરોબરી કરી હતી. આ મામલે નરેન્દ્ર હિરવાણી 16 વિકેટ સાથે ટોચ પર છે. તે શ્રીલંકા સામે ટેસ્ટમાં 10 વિકેટ લેનાર છઠ્ઠો ભારતીય બોલર બન્યો. તેના પહેલા ફક્ત અનિલ કુંબલે, હરભજન સિંહ, મનિન્દર સિંહ, વેંકટપતિ રાજુ અને રવિચંદ્રન અશ્વિન જ આ સિદ્ધિ મેળવી શક્યા હતા. સુથાર ટેસ્ટ ક્રિકેટમાં ઘરઆંગણે અને બહાર બંને જગ્યાએ ડેબ્યૂમાં પાંચ વિકેટ લેનાર બીજો ભારતીય ખેલાડી બન્યો. મોહમ્મદ નિસાર બીજા ક્રમે છે. નિસાર અને સુથાર પણ ચાર ભારતીય ખેલાડીઓમાં સામેલ છે જેમણે તેમની પ્રથમ બે ટેસ્ટમાં પાંચ-પાંચ વિકેટ લીધી છે, જેમાં નરેન્દ્ર હિરવાણી અને અક્ષર પટેલ અન્ય ખેલાડીઓ છે.

**વિદેશમાં ટેસ્ટમાં ૧૦ વિકેટ લેનાર સૌથી યુવા ભારતીય સ્પિનર**

| ખેલાડી | વિકેટ | વય | હરીફ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|
| માનવ સુથાર | 10 | 24 વર્ષ, 12 દિવસ | શ્રીલંકા | ગોલ | 2026 |
| હરભજન સિંહ | 10 | 28 વર્ષ, 28 દિવસ | શ્રીલંકા | ગોલ | 2008 |
| રવિચંદ્રન અશ્વિન | 10 | 28 વર્ષ, 329 દિવસ | શ્રીલંકા | ગોલ | 2015 |
| બિશન સિંહ બેદી | 10 | 31 વર્ષ, 82 દિવસ | ઓસ્ટ્રેલિયા | વાકા | 1977 |
| ભાગવત ચંદ્રશેખર | 12 | 32 વર્ષ, 227 દિવસ | ઓસ્ટ્રેલિયા | મેલબોર્ન | 1977 |

## સિંકફિલ્ડ કપ : પ્રજ્ઞાનંદાએ લાગ્રેવને હરાવીને સંયુક્ત સરસાઈ મેળવી

સેન્ટ લુઇસ, તા. 19 (પીટીઆઈ) : ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ સિંકફિલ્ડ કપ ચેસ ટુર્નામેન્ટના આઠમા રાઉન્ડમાં ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લેગ્રેવને 28 ચાલમાં હરાવીને અમેરિકાના વેસ્લી સો સાથે સંયુક્ત રીતે સરસાઇ મેળવી છે. આ જીત સાથે, પ્રજ્ઞાનંદાએ શક્ય આઠમાંથી પાંચ પોઈન્ટ મેળવ્યા અને આ વર્ષના અંતમાં ગ્રાન્ડ ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. જે દિવસે વેસ્લીએ અમેરિકાના જ સેવિયન સેમ્યુઅલ્સ સાથે બીજી મેચ ડ્રો રમી હતી, તે જ દિવસે ઝાવોખિર સિંદારોવે નેધરલેન્ડ્સના જોર્ડન વાન ફોરેસ્ટને હરાવીને તેની સતત ત્રીજી મેચ જીતી અને 4.5 પોઈન્ટ સાથે ટોચના ખેલાડીઓની નજીક પહોંચી ગયો. દિવસની અન્ય એક મહત્વપૂર્ણ મેચમાં, જર્મનીના વિન્સેન્ટ કીમરે ટોચના ક્રમાંકિત અમેરિકન ફેબિયાનો કારુઆનાને હરાવીને સિંદારોવ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું.

# હોકી વર્લ્ડકપ : પાકિસ્તાન પરનું પ્રભુત્વ જાળવીને ભારત આગલા રાઉન્ડમાં

**હરમનપ્રીત** અને અભિષેકના બે-બે ગોલથી ભારતે પાકિસ્તાનને હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકી દીધું

**પાકિસ્તાન** વતી હન્નાન શાહિદે બે ફિલ્ડ ગોલ કર્યા જ્યારે સુફિયાન શેખે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો



એમ્સ્ટલવીન, તા. 19 (પીટીઆઈ) : પાકિસ્તાન સામે દાયકા લાંબી અજેય સીરિઝ જાળવી રાખીને ભારતે આજે બુધવારે FIH વર્લ્ડકપની એક મહત્વપૂર્ણ મેચમાં તેના કટ્ટર હરીફને 5-3થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો, જ્યારે હાર સાથે પાકિસ્તાનનું પ્રથમ રાઉન્ડમાંથી બહાર થવું નિશ્ચિત થઈ ગયું.

આઠ વર્ષ પછી વર્લ્ડકપમાં રમી રહેલા પાકિસ્તાને પહેલા ક્વાર્ટરમાં બે ગોલ ગુમાવ્યા બાદ તે દબાણમાં આવી ગયું. બીજા ક્વાર્ટરમાં બે ગોલ કરીને વાપસી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ છેલ્લા બે ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીતનાર ભારતીય ટીમ અપેક્ષા મુજબ ભારે સાબિત થઈ. દસ હજાર દર્શકોની ક્ષમતાવાળા વેગનર સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા બંને ટીમોના સમર્થકોનો ઉત્સાહ ચરમસીમાએ હતો અને 'ભારત માતા કી જય', 'જીતેગા ભાઈ જીતેગા ઈન્ડિયા જીતેગા' જેવા નારા સતત સંભળાતા હતા. ભારત માટે, કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરથી પાંચમી અને 21મી મિનિટે ગોલ કર્યા જ્યારે અભિષેકે 11મી અને 24મી મિનિટે બે શાનદાર ફિલ્ડ ગોલ કર્યા. હાર્દિક સિંહે 34મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકથી ગોલ કર્યો. પાકિસ્તાન માટે, હન્નાન શાહિદે 22મી, 46મી મિનિટે બે ફિલ્ડ ગોલ કર્યા જ્યારે સુફિયાન શેખે 24મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં રૂપાંતરિત કર્યો હતો. પૂલ ડીમાંથી ઈંગ્લેન્ડ અને ભારત બીજા રાઉન્ડ માટે ક્વોલિફાય થયા.

ભારત અને પાકિસ્તાન 16 વર્ષ પછી વર્લ્ડ કપમાં આમને-સામને હતા, છેલ્લી વખત તેઓ 2010ના દિલ્હી વર્લ્ડકપમાં મળ્યા હતા, જ્યાં ભારતે પાકિસ્તાનને 4-1થી હરાવ્યું હતું. છેલ્લી વખત બંને ટીમો 1973માં વેગનર સ્ટેડિયમમાં મળી હતી, જ્યારે ભારતે સેમિફાઈનલમાં પાકિસ્તાનને એક ગોલથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

# બેડમિન્ટન વર્લ્ડ : સિંધુ, આયુષ અંતિમ 16માં, લક્ષ્ય અને ઉન્નતી હાર્યા

**સાત્વિક**-ચિરાગને વોકઓવર મળતા અને તનિષા-ધ્રુવ જીતીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા



નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ) : BWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં આજે બુધવારે ભારતનો લક્ષ્ય સેન યુએસએના ગેરેટ ટેન સામે બીજા રાઉન્ડમાં ચોંકાવનારા પરાજયથી બહાર ફેંકાઈ ગયો છે, જ્યારે બે વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા પીવી સિંધુ અને ઝડપથી ઉભરી રહેલો આયુષ શેટ્ટી ઉપરાંત ભારતની પુરુષ ડબલ્સની જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી વોકઓવર મળતાં તેમજ ભારતની મિક્સ ડબલ્સ જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટો જીતીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા, જ્યારે મહિલા સિંગલ્સમાં ઉન્નતી હુડા પણ હારીને બહાર થઇ હતી.

2021 વર્લ્ડ ચેમ્પિયનશિપનો બ્રોન્ઝ મેડલ વિજેતા સેન યુએસએના પૂર્વ વર્લ્ડ જૂનિયર નંબર 1 ગેરેટ ટેનની સ્પીડ, એટેક અને ચાલાકી સામે ટકી શક્યો નહોતો અને પુરુષ સિંગલ્સના રાઉન્ડ ઓફ 32 મેચમાં 21-19 19-21 17-21થી હારી ગયો હતો. અભૂતપૂર્વ છઠ્ઠો વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ જીતવાની દોડમાં સામેલ સિંધુએ કેનેડાની વેન યુ ઝાંગ સામે 21-16 21-17થી વિજય મેળવીને અંતિમ-16માં પ્રવેશ કર્યો હતો. જ્યારે આયુષ શેટ્ટીએ શ્રીલંકાના દુમિન્દુ અબેવિક્રમાને 21-8 21-10થી હરાવ્યો હતો.

સાત્વિક અને ચિરાગની જોડીને પહેલા રાઉન્ડમાં બાય મળ્યો હતો અને બીજા રાઉન્ડમાં તેમનો સામનો સ્કોટલેન્ડના એલેક્ઝાન્ડર ડન અને એડમ પ્રિંગલ સામે થવાનો હતો. જોકે, બુધવારે મેચ દરમિયાન ડનને જમણા પગની ઘૂંટીમાં ઈજા થતાં સ્કોટિશ જોડીએ છેલ્લી ઘડીએ રમત છોડી દીધી હતી. ભારતની મિક્સ ડબલ્સ જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોએ મકાઉના લિયોંગ ઈઓક ચોંગ અને એનજી વેંગ ચીને 21-11, 21-11થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં પદાર્પણ કરી રહેલી યુવા ઉન્નતિ હુડ્ડા, મહિલા સિંગલ્સ રાઉન્ડ ઓફ 32 મેચમાં પહેલી ગેમ જીતવા છતાં 12મી ક્રમાંકિત કેનેડાની મિશેલ લી સામે 21-11, 9-21, 21-23 થી હારી ગઈ. પુરુષોની ડબલ્સમાં, હરિહરન અમસાકારુનન અને એમઆર અર્જુનની જોડી પણ 32 રાઉન્ડના બીજા રાઉન્ડમાં કોરિયન જોડી કાંગ મીન હ્યુક અને કી ડોંગ જુ સામે 17-21, 14-21થી હારી ગઈ.

## રમત પુરસ્કાર 2026 માટે નોમિનેશન પ્રક્રિયા આવતા મહિને શરૂ થવાની શક્યતા

**નોમિનેશન** માટે કોઇ ચોક્કસ તારીખ નક્કી નથી થઇ, પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન જ રહેશે

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઇ) : રમત મંત્રાલય આ વર્ષના રાષ્ટ્રીય રમત પુરસ્કારો માટે નોમિનેશન પ્રક્રિયા આગામી મહિને શરૂ કરી શકે છે. મંગળવારે 2025 ના રાષ્ટ્રીય રમતગમત પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી. ન્યાયાધીશ (નિવૃત્ત) અરુણ મિશ્રાની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ મંત્રાલયને તેમની ભલામણો મોકલ્યાના છ મહિનાથી વધુ સમય પછી આ જાહેરાત કરવામાં આવી છે. મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી પુનઃમૂલ્યાંકન પ્રક્રિયાને કારણે આ વિલંબ થયો હતો.

# કોકેન ટેસ્ટ પોઝિટિવ આવતા નિક કિર્ગિઓસ કામચલાઉ સસ્પેન્ડ

**કામચલાઉ** સસ્પેન્શન 4 ઓગસ્ટથી લાગુ કરાયું, કિર્ગીયોસે હજુ સસ્પેન્શન સામે અપીલ કરી નથી



લંડન, તા. 19 : ઓસ્ટ્રેલિયન ટેનિસ ખેલાડી નિક કિર્ગિઓસે બુધવારે ખુલાસો કર્યો કે તેનો કોકેન ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે અને તેને ટેનિસમાંથી અસ્થાયી રૂપે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. કિર્ગીયોસ વિમ્બલડન 2022માં સિંગલ્સ ફાઈનલમાં નોવાક જોકોવિચ સામે બીજા ક્રમે રહ્યો હતો. સતત ઈજાઓને કારણે 31 વર્ષીય ખેલાડી હાલમાં વિશ્વમાં 919મા ક્રમે છે.

ઈન્ટરનેશનલ ટેનિસ ઈન્ટિગ્રિટી એજન્સી આ મામલે કાર્યવાહી કરશે. એજન્સીએ જણાવ્યું હતું કે કિર્ગિઓસનો સેમ્પલ 22 જૂને લેવામાં આવ્યો હતો અને 17 જુલાઈએ તેનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે ફરજિયાત કામચલાઉ સસ્પેન્શન 4 ઓગસ્ટથી લાગુ કરવામાં આવ્યું હતું અને કિર્ગિઓસે હજુ સુધી સસ્પેન્શન સામે અપીલ કરી નથી. કિર્ગીયોસે સોશિયલ મીડિયા પર આ બાબતની વિગતો શેર કરી જૂનમાં યોજાયેલી નીચલા સ્તરની ટુર્નામેન્ટનો ઉલ્લેખ કરતા લખ્યું કે તાજેતરમાં મેલોર્કામાં મારો ડ્રગ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

## સુડોકુ 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | ૪ | ૯ | ૭ | ૨ |
| ૫ | ૬ | ૭ | ૯ | | ૧ | | ૪ | |
| ૨ | ૯ | | | | ૮ | ૧ | ૫ | ૬ |
| ૮ | ૭ | | ૩ | ૫ | | ૪ | ૨ | |
| ૧ | | ૬ | | ૪ | | ૭ | ૩ | |
| | | ૨ | | ૧ | | ૫ | | |
| ૭ | ૨ | | ૧ | | ૩ | | ૮ | |
| | | | ૪ | ૭ | | | | ૫ |
| | ૪ | ૩ | | | | ૨ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 20/08/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : શ્રાવણ
**તિથિઃ** સુદ: આઠમ: 21:19, બૃહસ્પતિ પૂજન
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : શ્રાવણ: 29
**યોગ** : ઐન્દ્ર **કરણઃ** વિષ્ટિ
**નક્ષત્ર** : વિશાખા: 09:09 પછી અનુરાધા
**રાશિઃ** વૃશ્ચિક (ન,ય)
**દિવસ** : શુભ, દુર્ગાષ્ટમી-નૈનીદેવી મેળા-ખોરદાદસાલ- પારસી
**સુરતમાં સૂર્યોદય** : 06:20 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:04
**નવકારસી** : 07:08
**પારસી વર્ષ** : 1396 ફરવરદીન માસનો 06ઠો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 રબિઉલ અવલ માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુકાળઃ** બપોરે 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. સરકારી કામમાં ગફલતમાં રહેવું નહી. ખર્ચા વધશે. અચાનક ઉઘરાણી આવે.

**વૃષભ (બ,વ,ઉ,):** પારિવારિક સમસ્યાનું સમાધાન થઇ શકે. જેમ કે સામાજિક પ્રશ્નો સતાવે. નોકરી-ધંધામાં સામાન્ય રહે.

**મિથુન (ક,છ,ઘ,):** આળસથી બચવું. હીન શત્રુઓથી સાવધાન. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. લેવડ-દેવડમાં સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ,):** અટકેલાં કામ પાર પડે. મિત્રોની મદદથી સામાજિક કાર્ય પાર પડે. કોર્ટ, કચેરીના કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** ધનલાભ વધી શકે છે. ધંધામાં નવીતક ઊભી થાય ઘર પરિવારના કામ અર્થે પ્રવાસ થાય. મન અશાંત.

**કન્યા (પ,ઠ,ણ,):** આવક વધારવાની યોજનામાં ગતિ આવે. પ્રવાસ તથા દલાલીના કામમાં ધીરજ રાખવી. ગુસ્સા પર કાબૂ.

**તુલા (ર,ત,):** ઉઘરાણી આવી શકે છે. ઘરનાં કામમાં મદદરૂપ બનશો. આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાનું બનશે.

**વૃશ્ચિક (ન,ય,):** વાદ-વિવાદથી બચવું. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. પારિવારિક ધંધામાં પ્રગતિ થાય. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સાહસ અને નીડરતા પર કાબૂ રાખવો. પ્રવાસમાં સાવધાન રહેવું. મિત્રોનો સાથ મળે. અચાનક શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં નવી તક મળે. શેર, બજારમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રભાવ વધે. જાહેર જીવનમાં સફળતાની સાથ અશાંતિ વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામ, આયાત-નિકાસના કામ થાય. ધાર્મિક પ્રવાસમાં સાવધાન રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ**

### શુક્રવર્ધન પ્રયોગ

પાંચસો ગ્રામ ગાયના દૂધમાં દશ ગ્રામ ગાયનું ઘી અને 20g સાકર, સૂંઠ 5 ગ્રામ અને એક ખારેક ના ટુકડા નાંખી, દૂધ ઉકાળવું. ઠંડુ થયા પછી પીવું. રોજ સવાર, સાંજ બનાવીને લો.

### કોઈ પણ સાલમાં 20 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ પ્રગતિજનક પસાર થાય. નોકરીમાં બદલીની સાથે પ્રભાવ અને કાર્યબોજ વધશે. નવી ટેકનોલોજી પ્રમાણે કાર્ય કરવાથી નવું શીખવા મળે. આરોગ્ય સુધરે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સમાજમાં માનની સાથે નવી જવાબદારી મળે. પરિવારની અપેક્ષા દોડ-ધામ વધારશે. નોકરી ધંધામાં હરીફો વધે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિદેશના કામ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ-વિવાહની યોજના પાર પડે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. આવક વધારવાની યોજનામા ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ થાય. જૂન-જુલાઇ, ગુરુ-સોમવાર, 02,11,20,29 તારીખે નવાકામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ કરવો. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ, બુધવારે નવા કામ ટાળવા. 05, 08 તારીખે પણ ટાળવો. કાળા, લીલા રંગનો ઉપયોગ ટાળવો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### સુપ્રીમે UPSCનો...

મજબૂત તંત્ર બનાવવું જોઈએ, જેથી અધિકારીઓની બદલી થાય તો પણ પરીક્ષા યોજવાનો સંસ્થાકીય અનુભવ એજન્સી પાસે સચવાઈ રહે.

### ૧૩ શખ્સો રાઉન્ડઅપ,...

શોધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પોલીસે અત્યાર સુધીમાં સપ્લાય થયેલા જથ્થામાંથી મોટાભાગનો, આશરે ૯૦ ટકા જેટલો જથ્થો કબજે કર્યો હોવાનો દાવો કર્યો છે. બાકીના જથ્થાની શોધખોળ માટે પોલીસની અલગ અલગ ટીમો કાર્યરત છે. આ દારૂ ભાવનગર ઉપરાંત અમદાવાદ ગ્રામ્ય, ધોલેરા અને અન્ય વિસ્તારોમાં પહોંચ્યો છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

### ૨૦થી વધુ લોકો...

દર્દીઓને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમદાવાદથી નેફ્રોલોજિસ્ટ સહિતના નિષ્ણાત તબીબોની ટીમ ભાવનગર મોકલવામાં આવી છે. દારૂના નમૂનાઓ એફએસએલને મોકલવામાં આવ્યા છે. દારૂમાં મિથેનોલ કે ઇથેનોલનું પ્રમાણ વધુ હતું કે અન્ય કોઈ ઝેરી રસાયણની ભેળસેળ કરવામાં આવી હતી તે એફએસએલ અને તબીબી તપાસના અહેવાલ બાદ સ્પષ્ટ થશે.

### સરકારે કહ્યું નીટ...

પછી લોક તોડ્યા વગર ખોલી શકાતા નથી. 24 પેપરના દરેક પેકેટમાં પ્રશ્નોનો ક્રમ અલગ-અલગ હોય છે. દરેક પેકેટ પર વોટરમાર્ક નંબર, શહેર, કેન્દ્ર અને પેકેટ નંબર અંકિત હોય છે. પરીક્ષા ખંડમાં દર 24 વિદ્યાર્થીઓ માટે અલગ પેકેટ હોય છે. ક્લાસ કોઓર્ડિનેટર આ પેકેટ વિદ્યાર્થીઓને આપે છે અને વિદ્યાર્થીઓ પોતે જ તેને ખોલે છે.

### કેબિનેટમાં સોશિયલ...

હતી. પીએમ મોદીએ મેન્યુફેક્ચરિંગ, સ્પેસ અને ન્યુક્લિયર એનર્જીથી લઈને સેમિકન્ડક્ટર સુધીના ક્ષેત્રોમાં યુવાનો માટેની તકો પર પણ પ્રકાશ પાડ્યો હતો. નીટ પેપર લીકના વિરોધ પ્રદર્શનોએ દેશને હચમચાવી દીધા ત્યારથી યુવાનો, ખાસ કરીને 'જેન ઝી' પર લક્ષિત સોશિયલ મીડિયા પહેલો સરકારનું મુખ્ય કેન્દ્ર રહી છે.

### NTAમાં સુધારા...

સ્તરે લાગુ કરવા જોઈએ. આ સાથે જ સ્પર્ધાત્મક અને પ્રવેશ પરીક્ષાઓને નિષ્પક્ષ તેમજ સુચારૂ રીતે યોજવા માટે તકનીકી બદલાવો લાવવાની પણ મોટી જરૂરિયાત છે. નીટ-યુજી (NEET-UG) પેપર લીક વિવાદ બાદ શિક્ષણ મંત્રાલય દ્વારા પરીક્ષા પ્રક્રિયામાં સુધારા, ડેટા સુરક્ષા પ્રોટોકોલમાં સુધારો અને NTAની રચના તથા કામગીરી અંગે ભલામણો કરવા માટે સાત સભ્યોની રાધાકૃષ્ણન સમિતિની રચના કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે 22 જૂન 2024ના રોજ ઇસરોના પૂર્વ વડા કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં બનાવેલી કમિટીએ NTAની સુધારણા અને ગડબડો રોકવા માટે કુલ 101 ભલામણો રજૂ કરી હતી. આ ઉપરાંત સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં માળખાકીય સુધારાઓ સૂચવવા માટે ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીના નેતૃત્વમાં એક ઉચ્ચ શક્તિશાળી ટાસ્ક ફોર્સની પણ રચના કરી હતી. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યું હતું કે રાધાકૃષ્ણન કમિટીએ સાચું જ કહ્યું છે કે આ એક તંત્રને લગતી સમસ્યા છે જેને સંસ્થાકીય બનાવવી સૌથી મહત્વનો ભાગ છે. કાગળ પર પ્રક્રિયા ખૂબ જ સારી દેખાય છે, પરંતુ એક પરીક્ષા પૂરી થાય અને બીજી પરીક્ષા આવે ત્યાં સુધીમાં સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ હોય છે. કોર્ટે ઉમેર્યું હતું કે NTAને તમામ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માનવબળ અને તકનીકી ક્ષમતાઓથી સજ્જ કરવું જોઈએ. બેન્ચે કહ્યું હતું કે અમને માહિતી આપવામાં આવી છે કે ગઠિત સમિતિએ પરીક્ષાઓની સુરક્ષા અને અખંડિતતાને મજબૂત કરવા માટે AI અને બ્લોકચેન જેવી અદ્યતન તકનીકનો ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને વિવિધ સુધારાઓની ભલામણો પર વિચાર કર્યો છે.

### ભાવનગરમાં લઠ્ઠાકાંડની...

તપાસમાં મધ્યપ્રદેશના ઉજ્જૈનથી 'રોયલ સ્ટેગ'ની ૨૮ પેટી દારૂની બોટલો ભાવનગર લાવવામાં આવી હતી અને વરતેજમાં તેમાં ભેળસેળ કરવામાં આવી હોવાની વિગતો બહાર આવતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે અત્યાર સુધીમાં ૧૫ પેટી જપ્ત કરી છે, જ્યારે બાકીની ૧૩ પેટી શોધવા દોડધામ શરૂ કરી છે. મુખ્ય સપ્લાયર ગૌતમ સોલંકી સહિત ૧૩ શખ્સને રાઉન્ડઅપ કરી પૂછપરછ શરૂ કરાઈ છે. ખરકડી ગામના વિશ્વરાજસિંહ ગોહિલની પોલીસ ભરતીમાં પસંદગી થતાં ૧૬ ઓગસ્ટની રાત્રે મિત્રો માટે દારૂની પાર્ટી યોજાઈ હતી. પાર્ટીમાં ઉપેન્દ્રસિંહ ગોહિલ, હરપાલસિંહ ગોહિલ અને જયદીપસિંહ ગોહિલ સહિતના મિત્રો હાજર હતા. પ્રાથમિક તપાસ મુજબ હાજર રહેલા કેટલાક લોકોએ 'રોયલ સ્ટેગ' નામની દારૂની બોટલમાંથી દારૂ પીધો હતો. ત્યારબાદ એક પછી એક લોકોની તબિયત લથડવા લાગી હતી. ઉપેન્દ્રસિંહ ગોહિલનું સારવાર દરમિયાન મોત થયું હતું. ત્યારબાદ કાર્તિક મકવાણા, કનકસિંહ ગોહિલ અને નરેન્દ્રસિંહ યાદવના મોતની માહિતી સામે આવી છે. ધનશ્યામસિંહ જાડેજાનું મોત પણ શંકાસ્પદ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસ હવે ઉજ્જૈનથી ભાવનગર સુધી નકલી દારૂ પહોંચાડનાર, વરતેજમાં ભેળસેળ કરનાર અને ત્યારબાદ વિવિધ ગામોમાં તેનો જથ્થો પહોંચાડનાર સમગ્ર નેટવર્કની કડીઓ જોડવામાં લાગી છે. ૨૮ પેટીમાંથી બાકી રહેલી ૧૩ પેટી ક્યાં ગઈ અને આ જથ્થો કેટલા લોકો સુધી પહોંચ્યો તે હવે તપાસનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે.

**દેશી દારૂ, અન્ય દ્રવ્ય ભેળવી બજારમાં પહોંચાડ્યો હોવાની પોલીસને શંકા**

પોલીસની પ્રાથમિક તપાસમાં નકલી દારૂનો જથ્થો મધ્યપ્રદેશના ઉજ્જૈનથી ભાવનગર પહોંચ્યો હોવાનું બહાર આવ્યું છે. આશરે ૨૮ પેટીમાં ૨૩૦ જેટલી બોટલો લાવવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. તેમાંથી ૧૫ પેટી પોલીસે કબજે કરી લીધી છે, જ્યારે બાકીની ૧૩ પેટી ક્યાં પહોંચાડવામાં આવી તેની તપાસ ચાલી રહી છે. તપાસમાં વરતેજના આંબલીવાડી વિસ્તારમાં ગૌતમ સોલંકીના ઘરે દારૂની બોટલોમાં ભેળસેળ કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. ગૌતમ સોલંકી સાથે રઈસ અને મુકેશ નામના શખ્સો પણ આ પ્રક્રિયામાં સંડોવાયેલા હોવાની આશંકા છે. ઉજ્જૈનથી આવેલા દારૂમાં દેશી દારૂ અથવા અન્ય દ્રવ્ય ભેળવી તેને ફરીથી બજારમાં પહોંચાડવામાં આવતો હોવાની પોલીસને શંકા છે.

**અમદાવાદના 500થી વધુ ગામમાં પોલીસના દરોડા, 177 કેસ નોંધાયા**

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાંથી દારૂનો જથ્થો ભાવનગર તરફ પહોંચાડવામાં આવ્યો હોવાની આશંકા વચ્ચે મંગળવારની મોડી રાતથી બુધવારે સવારે 8 વાગ્યા સુધી 800 જેટલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ સમગ્ર જિલ્લામાં સઘન કોમ્બિંગ અને ચેકિંગ હાથ ધર્યું હતું. અમદાવાદ જિલ્લાના 500થી વધુ ગામડાં, સંવેદનશીલ રૂટ, વાહનો અને શંકાસ્પદ અડ્ડાઓ પર તપાસ દરમિયાન દારૂ અંગેના 177 કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે દારૂની હેરાફેરી કરતાં તત્ત્વો સામે કડક કાર્યવાહી શરૂ કરી સપ્લાય ચેઈન તોડવા માટે જિલ્લાની સરહદો પર નાકાબંધી પણ વધુ સઘન કરી છે. પોલીસે અમદાવાદ ગ્રામ્યના 500થી વધુ ગામડાંઓમાં સ્થાનિક લોકો અને સરપંચોની મદદથી પણ તપાસનો દોર હાથ ધર્યો છે. ગામડાઓમાં દારૂનો જથ્થો ક્યાં સંગ્રહ કરવામાં આવે છે અને તેની હેરાફેરી ક્યા માર્ગે થાય છે તે અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

**મિથેનોલની અસર પહેલાં સામાન્ય નશા જેવી, બાદમાં સ્થિતિ ગંભીર બની શકે**

ભાવનગર તંત્ર દ્વારા છેલ્લા બે-ત્રણ દિવસમાં 'રોયલ સ્ટેગ' અથવા અન્ય કોઈ શંકાસ્પદ દારૂનું સેવન કરનાર લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે લક્ષણો ન જણાતા હોય તો પણ તાત્કાલિક તબીબી તપાસ કરાવે. કારણ કે મિથેનોલની અસર શરૂઆતમાં સામાન્ય નશા જેવી જણાઈ શકે છે અને બાદમાં સ્થિતિ ગંભીર બની શકે છે.

### દિલ્હી ડાયરી...

મંગળવારે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (એસસીબીએ)ની ચૂંટણી માટે ચાલી રહેલા મતદાન દરમિયાન પૂર્વ ઉપપ્રમુખ જગદીપ ધનખડ પોતાનો મત આપવા પહોંચ્યા ત્યારે ત્યાં હાજર તમામ લોકો આશ્ચર્યચકિત થઇ ગયા હતા. રહસ્યમય સંજોગોમાં ઉપપ્રમુખ પદેથી રાજીનામું આપ્યા પછી-જોકે તેમણે સ્વાસ્થ્યના કારણો દર્શાવ્યા હતા-તેઓ કોઈ પણ જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા નહોતા. એવું કહેવામાં આવી રહ્યું હતું કે, આ રાજીનામું રાજ્યસભાના અધ્યક્ષ તરીકેના તેમના કાર્યોને કારણે ઊભા થયેલા વિવાદોનું પરિણામ હતું.